રજૂ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ

## મે. સુરતના એડીશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં

**ફોજદારી પરચુરણ આગોતરા જામીન અરજી નં.૮૨૭૩/૨૦૨૨ આંક–**

**અરજદારઃ કાર્તિક અરૂણ સોની**
ઉ.આ.વ.૩૮, ધંધોઃ વેપાર
રહેવાસીઃ બી–૨૩ લીલાવિહાર સોસાયટી
રાંદેર રોડ, સુરત.

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ શ્રી સરકાર.**

**બાબતઃ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૪૩૮ હેઠળ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

અરજદાર તર્ફે :– વિ.વ.શ્રી જી.એ.પોદ્દાર
સામાવાળા તર્ફે :– વિ.એ.પી.પી.શ્રી એ.પી.વસોયા

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામના અરજદાર વિરૂધ્ધ હિતેષ નલીનકાંત ઝવેરીએ વેસુ પોલીસ સ્ટેશનમાં એક અરજી આપેલી અને તે અરજી સંબંધી તપાસ ચાલુ છે અને તે અરજીની તપાસ દરમ્યાન અરજી આધારે પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનો દાખલ થાય અને તે ગુનાના કામે અરજદારને પોલીસ અટક કરે તેવી

અરજદારને દહેશત હોય અરજદારે આગોતરા જામીન મેળવવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૮ અન્વયે હાલની આ અરજી કરેલ છે.

(૨) અરજી સંબધે અરજદારના વિ.વ.શ્રી જી.એ.પોદ્દારને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના અરજદારે મુળ ફરીયાદી પાસેથી રૂા.૭,૦૦,૦૦૦/– લેવાના હોય તેની માંગણી કરેલી પરંતુ ફરીયાદીએ તે પૈસા આપેલા નહી અને તેનાથી વિરૂધ્ધ ફરીયાદી અરજદાર પાસે રૂા.૭૦,૩૫,૦૦૦/– માંગે છે તે તેઓને અમોએ આપેલ નથી તેવી હકીકતવાળી એક અરજી વેસુ પોલીસ સ્ટેશનમાં આપેલી અને તે અરજીના કામે પોલીસ ગુના દાખલ કરી, આ કામના અરજદારને પોલીસ સ્ટેશન બોલાવી અટક કરે તેવી દહેશત હોય આગોતરા જામીન માટે હાલની અરજી કરેલ છે, ફરીયાદીની અરજી આધારે હજી પોલીસ સ્ટેશનમાં કોઈ ગુનો દાખલ થયેલ નથી પરંતુ પોલીસ તે અરજી આધારે ગુનો દાખલ કરી, અરજદારને ગુનાના કામે અટક કરે તેમ છે. તેવા સંજોગોમાં અરજદારે હાલની આગોતરા જામીન અરજી કરેલ છે. અરજદાર શહેર સુરતના રહીશ છે અને વેપારી ઈસમ છે. અરજદારનો કોઈ ગુનાહીત ઈતીહાસ નથી વિગેરે હકીકતે અરજદારને તેમની સામેની અરજીના કામે પોલીસ અટક સામે રક્ષણ આપવા હાલની અરજીમાં રજૂઆત કરે છે.

(૩) સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એ.પી.વસોયાને સાંભળ્યા. તેઓએ અરજીની વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યું છે કે, આ કામના અરજદારે ફરીયાદી પાસેથી બંગલાનુ બાંધકામ કરવા રૂા.૭૦,૩૫,૦૦૦/– મેળવેલ છે અને બંગલાનુ બાંધકામ થયા બાદ પણ અરજદારને તેવી રકમ

ફરીયાદીએ આપેલ નથી. જેથી ફરીયાદીએ અરજદાર વિરૂધ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી છે અને તે અરજીની તપાસ અર્થે આ કામના અરજદારની પોલીસ કસ્ટડીમાં હાજરી જરૂરી છે જેથી અરજદારને આગોતરા જામીનની સવલત આપી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદારની અરજી,રજુ થયેલ તપાસ કરનાર અમલદારશ્રીનો રિપોર્ટ વંચાણે લીધા. અરજી સબંધે બન્ને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૫) આ કામના અરજદારની અરજીની હકીકત ધ્યાને લેવામાં આવેતો ફરીયાદી હિતેષ નલીનકાંત ઝવેરી નાએ આ કામના અરજદાર વિરૂધ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં તા.૨૬.૧૦.૨૦૨૨ ના રોજ એક અરજી આપેલી અને તેમાં ફરીયાદીએ ટુકડે ટુકડે રૂા.૭૦,૩૫,૦૦૦/- આ કામના અરજદારને બંગલાના બાંધકામ માટે આપેલાનુ અને તે બંગલાનુ બાંધકામ પૂર્ણ થવા છતાં અરજદારે હવે તેઓને રકમ રૂા.૭૦,૩૫,૦૦૦/- પરત આપતા નથી અને તે સંજોગોમાં અરજદારે બાંહેધરી પત્રક અને કબૂલાતનામુ લખી આપેલ તેમજ ચેક લખી આપ્યાની હકીકત છે. આમ, ફરીયાદીએ, અરજદાર વિરૂધ્ધ રૂા.૭૦,૩૫,૦૦૦/- ની બાંહેધરી આપવા છતાં ન ચુકેવલાની હકીકત આપતી અરજી આપેલ છે અને તે અરજીની તપાસ હાલ ચાલુ છે અને તે અરજીના કામે આ કામના અરજદારને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવેલ છે પરંતુ પોલીસ સ્ટેશનમાં અરજદાર હાજર થયેલ નથી અને તેઓ હાજર થયા બાદ તે અરજી સંબંધી ગુનો દાખલ કરે તેવી અરજદારને દહેશત છે. જેથી હાલની અરજી કરેલ છે. આ કામના

અરજદાર શહેર સુરતમાં સ્થાનિક રહીશ છે અને વેપારી ઇસમ છે. અરજદારનો કોઇ ગુનાહીત ઇતીહાસ નથી અને અરજદાર કોર્ટ જણાવે તે તમામ શરતોનુ પાલન કરવા બાંહેધરી આપે છે. આ તમામ હકીકત ધ્યાને લેવામાં આવે તો અરજદારની હાલની અરજી યોગ્ય શરતોને આધીન મંજુર કરવી જરૂરી અને ન્યાયોસર જણાય છે જેથી અરજદારની અરજી મંજુર થવાને પાત્ર હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

આ કામના અરજદાર  કાર્તિક અરૂણ સોની ની હાલની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૮ અન્વયેની આગોતરા જામીન અરજી આથી **`અંશતઃ મંજુર`** કરવામાં આવે છે.

વધુમાં હિતેષ નલિનકાંત ઝવેરીની અરજી આધારે આ કામના અરજદાર વિરૂધ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં કોઇ ગુનો દાખલ થાય તો તે ગુનાના કામે અરજદારને અટક કરતા અગાઉ અરજદારને દિન–૭ ની લેખીત નોટીસની બજવણી કરી અને ત્યાર બાદ આગળની કાર્યવાહી કરવા આથી વેસુ પોલીસ સ્ટેશનનાં પી.આઇ.શ્રીને હુકમ કરવામાં આવે છે.

આ હુકમ સંબંધી વેસુ પોલીસ સ્ટેશનને યાદી કરવી.

આજ **તારીખઃ** ૩૦મી **માહે** ડિસેમ્બર  **સને** ૨૦૨૨ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી  જાહેર કર્યો.

તા.૩૦.૧૨.૨૦૨૨
સુરત

**(ડી. પી. ગોહિલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
સત્ર ન્યાયાલય, સુરત
કોડ નં.જીજે૦૦૪૬૫